## સમજની સુગંધ | ફિલિપ ક્લાર્ક

[**મઘમઘતું જીવન :** લે. ફાધર વર્ગીસ પૉલ, પ્ર. આ. ૨૦૦૮, પ્ર. રન્નાદે પ્રકાશન, ગાંધી રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૧, વર્ષ ૨૦૦૮, પૃ. સં. ૧૪+૧૨૮, પાકું પૂંઠું, રૂ. ૭૦/-]

આજના અરાજકતા અને મૂલ્યવિહોણા જીવનને જો સમજીને જીવવામાં આવે તો પ્રત્યેક માનવીનું જીવન રસાળ અને સુગંધભીનું બની જાય. સિદ્ધહસ્ત અને બિન ગુજરાતી હોવા છતાં ગુજરાતી ભાષાના પ્રખર સર્જક પૂજ્ય ફાધર વર્ગીસ પૉલ પોતાના પ્રત્યેક પુસ્તકમાં સાચાં અને પ્રેરક જીવનમૂલ્યો તરફ અંગુલિનિર્દેશ કરે છે. સદાય હસતા નિખાલસ અને શિસ્તના હિમાયતી ફાધર વર્ગીસ પૉલને મળવું અને કંઈક પામવું એક લહાવો બની રહે છે. ધર્મગુરુ અને આમ મિત્ર જેવા તેઓને મળવાનું હું ક્યારેય ટાળી દેતો નથી. તેમની વાતો અને કલમમાંથી હંમેશાં સાત્ત્વિક અને મૂલ્યવાન સર્જન, અખંડ વહેતું રહ્યું છે જે હાલના અંધકારભર્યા માનવજીવનમાં અજવાળાં પાથરે છે.

સમજવું અને સમજાવવું એને જો ધર્મ સમજવામાં આવે તો ધાર્મિકતાનું રહસ્ય આપમેળે સરળ બની જાય છે. લેખકે દુનિયાની સફર કરી છે. અનુભવો અને જિવાતા જીવનનો રહસ્યમય ખજાનો તેમની ભીતર ભારોભાર રહેલો છે. માનવજીવનના તાણાવાણા સમજાવવા અને તેના સમન્વયથી સમજનું સુંદર વસ્ત્ર તૈયાર કરી જિવાતી કષ્ટમય જિંદગીને પહેરાવવું અને તેમાંથી આનંદની અનુભૂતિ કરવી જે ''મઘમઘતું જીવન'' નિબંધસંગ્રહની પ્રેમસ્વરૂપ કેડી છે.

ખુશ થવું એ ખુશી વહેંચવી જે પ્રેમવર્તુળમાં દ્રાક્ષના પ્રતીક અને સાધુના માધ્યમ દ્વારા માર્મિક રીતે નિરૂપાયું છે, પ્રેમનું પ્રાગટ્ય હંમેશાં નવલાં રૂપ ધારણ કરે છે. જે પ્રેમનું પ્રધાન કાર્ય છે. બીજા નિબંધ પર્યાવરણ-જાળવણીના ઘટકોને સહોદર બનાવી પર્યાવરણની શુદ્ધતાને પ્રાકૃતિક પર્યાયથી સંવાદી છે. જે સામાન્ય માનવીને પણ સરળ રીતે સમજમાં આવી જાય છે. માણસને બુદ્ધિનું દાન આપી પોતાના સર્જનકાર્યમાં ઈશ્વરે માણસને ભાગીદાર અને સાથીદાર બનાવ્યો છે, કેટલી સુંદર વાત કરી છે ! ક્રોધને કાબૂમાં રાખવાનો રાજમાર્ગ, દાખલાદલીલો અને સભાનતાને કેન્દ્રમાં રાખી ખૂબ જ સરળ અને સમજી શકાય તેવી સમજથી સમજાવ્યો છે. વૅલેન્ટાઇન ડે અને ભેટમાં સમાયેલી પ્રેમની ભાષાને વાચા આપી લેખકે વૅલેન્ટાઇન ડેનો આનંદ અને મહિમા ગાયો છે. સાચો પ્રેમ સામેના પાત્રને ઓળખે છે કહી ફાધર વર્ગીસ પૉલે પ્રેમ આંધળો છે એ વાતને યોગ્ય સમર્થનો અને સમજ આપી ખૂબ જ આસાનીથી રદિયો આપ્યો છે જે પ્રેરણામય બની રહે છે.

શિસ્ત અને આત્મસંયમના ગુણો લેખકને વારસામાં મળ્યા છે. આ વાતને સમર્થન આપી ધર્મગુરુ બનવાના સંકલ્પને ફળસ્વરૂપ આપવામાં દાદા-દાદીના ફાળાને તેઓ બિરદાવે છે. આજે ટેક્નૉલોજીના યુગમાં જોકે આ બાબત પાંખી બની છે. પરંતુ સાચા અર્થમાં જીવનઘડતરનાં મૂળ દાદા-દાદીના સહયોગમાં રહેલાં છે જે સ્વીકારવું રહ્યું.

માનવજીવનમાં ઉપયોગી એવી બાબતોને ભલે કલાસ્વરૂપ આપવામાં કે નિસર્ગમય બનાવવામાં ઓછપ વર્તાતી હોય પણ સરળ અને ચોટદાર શૈલીમાં થયેલી રજૂઆતો ધાર્યું નિશાન તાકે છે. જે ફાધર વર્ગીસ પૉલની પોતીકી કળા છે. સામાન્ય માણસ સમજી શકે અને કંઈ પામવા માટે હક્કદાર બને એ જ તેઓના સર્જનની સાર્થકતા છે, જે લેખકે ''મઘમઘતું જીવન'' નિબંધસંગ્રહમાં સાબિત કરી બતાવ્યું છે.

નિવૃત્તિમાં પણ પ્રવૃત્તિ એ જ ઘડપણનો મોટો આનંદ છે. વયસ્ક હોવા છતાં સર્જનમાં, કાર્યક્રમોમાં, મિલન-મુલાકાતો અને પોતાના કાર્યાલયમાં અને પ્રવૃત્તિઓથી હર્યાભર્યા રહેતા લેખક ઘડપણને તાબે થવામાં માનતા નથી.

પરીક્ષાના ભયથી આકુળવ્યાકુળ રહેતાં બાળકો ઘણી વખત આત્મહત્યાને રસ્તે વળે છે. જેને ઉતાવળિયો, બુદ્ધિ કે સમજ વગરનો નિર્ણય ગણાવી લેખક પરીક્ષા કરતાં જીવન ખૂબ જ અગત્યનું અને જરૂરી છે જે સુપેરે સમજાવે છે. ટૂંકું વિચારી શાશ્વત સુખને ગુમાવતા વિદ્યાર્થીઓ સામે લાલબત્તી ધરી જીવનમૂલ્યની સમજ અને બેવકૂફી પર વેધક પ્રકાશ પાડ્યો છે.

પોતાનું વતન અને વતનમાં આવેલું પોતાનું ગામડાનું ઘર લોહીમાં રક્તકણની જેમ વ્યાપી ગયું છે, જેનો આનંદ અને લેવાતી મુલાકાત દિલચસ્પ અને રમ્ય રીતે રજૂઆત પામી છે. પોતાના વતન કેરળમાં શિક્ષણનો બહોળો વ્યાપ, મહેનત કરનારને મળતાં કામ અને દેશપરદેશમાંથી આબાદી લઈ આવતા લોકોની નીતિરીતિને નવાજી છે. કેરળમાં ઝૂંપડપટ્ટી નથી. લેખકની આ વાત ગુજરાત માટે પડકારરૂપ બની રહે છે.

લાગ્યું તેવું લખ્યું-ના સ્પષ્ટ હિમાયતી, એવા લેખક ફાધર વર્ગીસ પૉલ ઢાંકપિછોડો કરવામાં માનતા નથી. ખુલ્લે બારણે જ તેઓ ચર્ચાને આવકારે છે. તેઓ કોઈ પણ જાતના આડંબર, અલંકાર કે બાહ્ય સજાવટમાં પડ્યા સિવાય સાદાઈ અને સત્યતાને અજવાળે હકીકતને પ્રકાશમાં લાવી દે છે. સર્જક તરીકે તેઓ ખૂબ જ બહોળું અને સ્પર્શીય ભાવજગત ધરાવે છે, જે પ્રસ્તુત નિબંધોમાંથી પસાર થતાં લાગ્યા વગર રહેતું નથી.

''ના ભગવાન, ના ધર્મ''માં રૅશનાલિસ્ટો દ્વારા થતાં વિવાદાસ્પદ, વાંધાજનક પણ મનનીય લખાણો અને ધર્મ કેવળ કલ્પનાની ઊપજ છે તે અંગેની વિસ્તૃત છણાવટ વિચારણા માગી લે છે. આખરે શ્રદ્ધા અને સૃષ્ટિનું સંચાલન કરનાર શક્તિમાં વિશ્વાસ દૈવી સ્વીકાર માટે કારણભૂત બને છે. ઈશ્વર પિતા આપણી સંભાળ અને અઢળક પ્રેમ રાખી આપણને તેના અસ્તિત્વની પ્રતીતિ કરાવે છે જે ઈશ્વરપુત્ર, ઈસુ ખ્રિસ્ત છે.

લેખકને વિવિધ માન્યતાઓ માણવામાં રસ છે. મૃત્યુ અંગેની અનેક માન્યતાઓ પ્રવર્તે છે. ખ્રિસ્તીઓ મૃત્યુ પછી પુનરુત્થાનમાં માને છે. મૃતજનો માટેની ખ્રિસ્તીઓની આ બધી ઉપાસના વિધિઓમાં સર્વ સંતો, મૃતાત્માઓ તથા જીવતાં ભાઈબહેનોના સત્સંગ કેન્દ્રસ્થાને હોય છે. બાઇબલનાં વિધાનો અને આપણી વિધિઓના સમન્વયને લેખકે મૃત્યુ અંગેની માન્યતા દર્શાવી છે.

મૃત્યુદંડની નાબૂદીમાં સંયુક્ત રાષ્ટ્રસંઘની સમગ્ર દુનિયામાંથી મૃત્યુદંડ નાબૂદ કરવા અંગેની ચર્ચાવિચારણા અને મૃત્યુદંડ એ માણસાઈનું ખૂન છે. માનવતાની નાબૂદી છે. તેમજ માનવમાત્રને સુધરવાની તકની અવગણના વિષે સુંદર વાત થઈ છે.

પ્રવૃત્તિમય અને સર્જનમાં રચ્યાપચ્યા રહેતા ફાધર વર્ગીસ પૉલને મેં ક્યારેય તણાવમાં જોયા નથી. આગંતુકો અને મળવા આવનારને પોતાની ઑફિસમાં તેઓ સસ્મિત વદને આવકારે

છે. કોઈનું દિલ દુભાય એવો શબ્દ ઉચ્ચારતાં પણ તેઓ ક્ષોભ અનુભવે છે. બધા સાથે સારા સંપર્ક અને સંબંધ રાખી સમતુલાભર્યું જીવન ગાળતા લેખક પોતાની હોડીમાં ઈસુને પણ સહયાત્રી માની ખૂબ જ વ્યસ્તતા વચ્ચે તણાવને ગૌણ બનાવે છે. જીવનમાં સમતુલા જાળવવાની વાતને લેખકે ઈસુની વાત દ્વારા દોહરાવી છે જે હાલના તણાવયુક્ત માનવજીવનમાં ખૂબ જ આવશ્યક છે.

લગ્નમાં થતું સંપત્તિનું વાહિયાત પ્રદર્શન, અસ્થાને બતાવી તેમજ અન્યાયી રીતે મેળવેલાં નાણાં પણ હક્કનાં નથી એમ કહી લેખક આવી બાબતોમાં માનવતાવાદી વલણ અને અન્યના વિચારની તરફેણ કરે છે. નાણાની રેલમછેલમાં માણસ ગરીબાઈને તાણી નાખે છે જે સત્ય છે.

ધનાઢ્યો ધનનું મહત્ત્વ સમજ્યા વગર ધનનો બેફામ ઉપયોગ કરતાં અચકાતા નથી. તેઓ ગરીબાઈનો વિચાર સુધ્ધાં કરતા નથી. લેખકે દર્શાવેલ નારાજગી આપણા સૌની બની રહે છે. ખ્રિસ્તી ધર્મ સાધનસંપત્તિના ઉપયોગમાં અને વિવિધ સેવાકાર્યોમાં ગરીબો, દલિતો અને આદિવાસીઓને અગ્રતા આપે છે જે ધનાઢ્યો માટે પડકારરૂપ છે.

‘‘દિવાળીનું પ્રતીક દીવો’’માં દીવાનો મહિમા, ખ્રિસ્તીઓની બધી જ ઉપાસનાવિધિઓમાં પ્રકાશ અને દીવા-બત્તીનો થતો ઉપયોગ અંધકારમય જીવનમાં પ્રકાશની અનિવાર્યતા દર્શાવે છે જે દીવાના પ્રતીક રૂપે દર્શાવાયું છે. દુનિયાના તમામ ધર્મોમાં પ્રકાશનું ખૂબ જ મહત્ત્વ છે. આ વાત લેખકે ખ્રિસ્તી ધર્મને કેન્દ્રમાં રાખી આલેખી છે જે સમગ્ર માનવજીવન માટે બોધપાઠ બની રહે છે.

પ્રેમનું મહત્ત્વ સમજ્યા સિવાય તેનો થતો બેફામ ઉપયોગ વિષાદ જન્માવે છે. પ્રેમસ્વરૂપ ઈશ્વર સમગ્ર માણસજાત સાથે એક બની માનવ રૂપે જન્મ લે છે. નાતાલ પ્રેમનો તહેવાર છે. પ્રેમ આપવો અને પ્રેમ લેવો નાતાલનું હાર્દ છે. ઈશ્વર બધા માણસો પર પ્રેમ રાખે છે. પ્રેમથી જ માનવજીવન ધન્ય બને છે જેની વિસ્તૃત વાત કરી, લેખકે નાતાલ પર્વને પ્રેમના મૂર્તિમંત પર્વનું નામ આપ્યું છે.

નાતાલમાં સામાન્ય રીતે ઈસુનો જન્મ થયો એવી ધાર્મિક માન્યતા પ્રવર્તે છે. પણ નાતાલ એટલે પ્રેમનો જન્મ કહી, લેખકે પ્રેમનો સાર્થક મહિમા ગાયો છે. જોકે, ‘‘મઘમઘતું જીવન’’ નિબંધસંગ્રહમાં પ્રેમ જ કેન્દ્રસ્થાને છે અને અન્ય બાબતો તેના આધારે ટકી રહેતી હોય એવું લાગ્યા વગર રહેતું નથી. ફાધરનો માણસમાત્ર માટેનો પ્રેમ, સૂર્યપ્રકાશ જેવો છે જે દર્શાવવા લેખકે બાઇબલનાં વિધાનો ટાંકી, સુયોગ્ય સમર્થનો પ્રગટાવ્યાં છે. લેખક સાથે આપણે પ્રેમની અનુભૂતિ કરતા થઈ જઈએ છીએ.

ધર્મગુરુ હોવાને નાતે સર્જક વારંવાર ધાર્મિકતા તરફ સરતા હોય એવું લાગ્યા વગર રહેતું નથી. ઈસુ ખ્રિસ્ત પ્રત્યેની તેમની આસ્થા એ વાતની છડી પોકારે છે. વળી, ક્રોધને ઈસુના પ્રેમનું નિશાન ગણાવતાં તેઓ નોંધે છે કે, મહાવ્યથા કરતાં ક્રોસ મૃત્યુ પરના વિજય અને પ્રેમનું નિશાન છે જેને પુરવાર કરવામાં લેખક સફળ નીવડ્યા છે.

ખ્રિસ્તીઓ અને મુસ્લિમો એકબીજાના દુશ્મનો નથી-માં બંનેને વિશ્વ-સંવાદિત અને સમાજના સર્જનમાં કાર્યરત દર્શાવી લેખકે મુદ્દાની વાત કરી છે.

સમાજસેવાની એક મશાલમાં ‘‘KSSS’’ અને ફાધર હેરેરોનો અમૂલ્ય ફાળો અને દીન-દલિતોની સેવાભાવનાને ભવ્યતાથી બિરદાવી છે.

મૂલ્યોની આરાધના કરતા લેખક આગળ વધે છે. યુવાનો માટે સત્યનિષ્ઠાનો નમૂનો બનતા ગાંધીજી અને અમૃત જયંતી સુધી પહોંચેલા ‘‘ખ્રિસ્તીબંધુ’’ પર પ્રકાશ પાડી લેખકે તંત્રી તરીકેની ફરજ અને ગાંધીજીના આદર્શોની સરાહના કરી છે જે યુવાનો માટે પ્રેરણારૂપ બની રહે છે. તેમાંય આંતરરાષ્ટ્રીય ઘડતરનો અનુભવ વિશ્વવ્યાપી સર્જકીય પ્રવૃત્તિઓ અને વાંચકોમાં સભાનતા લાવવાની વાત ખૂબ પ્રભાવકારી રીતે થઈ છે.

‘મઘમઘતું જીવન’ વાંચ્યા પછી પ્રત્યેક વાચકનું જીવન માનવતાવાદી મૂલ્યોથી મઘમઘી ઊઠશે જ એમાં સંદેહ કે શંકાને સ્થાન નથી.